# ‘ખ’ માર્ગ પર અકસ્માત : રીક્ષામાં બેઠેલા ચાર પેસેન્જરોને ઈજા

ગાંધીનગર, તા. ૮

સે. ૫ નજીક ‘ખ’ માર્ગ પર ગઈકાલે રાત્રીના સમયે ઓટોરીક્ષા અને ગાડી વચ્ચે અકસ્માત થતા ચાર વ્યક્તિઓને ઈજાઓ થવા પામી છે. ઈજાગ્રસ્તોને સારવાર અર્થે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ગઈકાલે રાત્રીના ૯ વાગ્યાના અરસામાં સે. ૫ નજીક ખ-માર્ગ પર રીક્ષા નંબર જીજે-૧૮-કે-૭૧૭૩ તેમજ જી.એસ.એફ.સી.ની ગાડી નં. જીજે-૧૮-એ.ટી.૧૨૨૦ વચ્ચે અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં રીક્ષામાં બેઠેલા પેસેન્જરો પૈકી સુરેન્દ્ર સુરસિંગ ઠાકોર (રહે. સે. ૨૫ સૂર્યનારાયણ સોસાયટી), રેણુકાબેન રમેશભાઈ સોલંકી ઉં.વ. ૨૪, રેખાબેન વાઈફ ઓફ વેલાજી ઠાકોર ઉં.વ. ૫૦ તેમજ સુમીત્રાબેન વાઈફ ઓફ મુકેશ ઠાકોર ઉં.વ. ૩૦ (તમામ રહે. સે. ૨૮ ઈન્દિરાનગર)ને શરીરના ભાગે નાની-મોટી ઈજાઓ થવા પામી હતી. જેના અંતે તમામ ઈજાગ્રસ્તોને સારવાર અર્થે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. આ મામલે સે. ૭ પોલીસ સ્ટેશને ફરીયાદ નોંધાતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# મિલક્ત વેરાની કામગીરી સ્થગિત કરવા જાગૃત નાગરિકોની માગ

## આકારણી વૈજ્ઞાનિક ઢબે નિયમાનુસાર થાય તેવી વ્યવસ્થા ગોઠવો : જાગૃત નાગરિક પરિષદ

ગાંધીનગર, તા.૮

મકાનોની આકારણી સંદર્ભે વૈજ્ઞાનિક ઢબે નિયમોનું પાલન કરવાની રજૂઆતોનો નિવેડો ન આવે ત્યાં સુધી મિલકત વેરાની કામગીરી સ્થગિત કરવા જાગૃત નાગરિક પરિષદે પ્રબળ માંગ કરી છે.

શહેર જાગૃત નાગરિક પરિષદના ઉપપ્રમુખ જયંત જી. ભટ્ટે મેયરને રજૂઆતમાં જણાવ્યા અનુસાર શહેરના ૯૯ ટકા લોકોને મિલકત વેરાની આકારણી વિરૂધ્ધ વાંધો અને રોષ છે. છેલ્લા બે વર્ષમાં ઘણા ખરા મકાનોના બાંધકામમાં ફેરફાર થઈ ગયો છે. જયારે રહેણાંક વિસ્તારમાં ઘણા મકાનોનો ઉપયોગ વાણિજય હેતુ માટે થાય છે ત્યારે આવા મકાનોની આકારણી રહેણાંક મકાન તરીકે દર્શાવાઈ છે. આ સ્થિતિના લીધે મહાનગરપાલિકાને પણ વર્ષે લાખો રૂપિયાની ખોટ જાટ છે. પરિષદ દ્વારા શહેરના મકાનોની પુનઃ આકારણી વૈજ્ઞાનિક ઢબે નિયત મુજબ કરવા પણ રજૂઆત કરવામાં આવી છે. જયારે આ મામલે રજૂઆતોનો નિવેડો ન આવે ત્યાં સુધી મિલકત વેરાની કામગીરી સ્થગિત કરી દેવા પણ રજૂઆતમાં જણાવાયું છે. જયારે આ મામલે કોઈ પગલા નહીં લેવાય તો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવામાં આવશે તેવી ચિમકી પણ ઉચ્ચારવામાં આવી છે.



(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

વિશેષ દિનની યાદમાં યોજાતા વૃક્ષારોપણના કાર્યક્રમોની જાહેરાત જોરશોરથી થતી હોય છે કરંતુ એકવાર કાર્યક્રમ પુર્ણ થઈ ગયા પછી વૃક્ષોની જાળવણી યોગ્ય રીતે થાય છે કે નહીં તેની કોઈ કાળજી લેવાતી નથી. ચિલોડા સર્કલ નજીક ૨૦૦૭માં શહીદોની સ્મૃતિ તથા ૯મી ઓગષ્ટના લોકક્રાંતિ દિનની ઉજવણીના ભાગરૂપે વીરાંજલિ વન ઉભું કરી મોટા પાયે વૃક્ષારોપણ થયું હતું. કાળજી ન લેવાતા રોપાઓ મુરઝાઈ ગયા અને તે જમીન પર ગેરકાયદે દબાણ થઈ ગયું. તસ્વીરમાં વીરાંજલિ વનના પાટીયાની પાછળ વાહનોનો ખડકલો જોવા મળી રહ્યો છે.

# જલારામ મંદિર સે-૨૯માં ૧૦મીએ કૃષ્ણ જન્મોત્સવ ઉજવાશે

ગાંધીનગર, તા.૮

લોહાણા યુવા સંગઠન, ગાંધીનગર દ્વારા જન્માષ્ટમી નિમિત્તે આવતીકાલે તા. ૧૦મી ઓગષ્ટ ૨૦૧૨ને શુક્રવારે જલારામ મંદિર, સેકટર-૨૯, ગાંધીનગર ખાતે રાત્રે ૮.૩૦ થી ૧૨.૩૦ કલાક દરમિયાન કૃષ્ણ જન્મોત્સવની ઉજવણી કરવામાં આવશે.

જન્માષ્ટમી નિમિત્તે જલારામ મંદિર, સેકટર-૨૯માં આર.કે. ગૃપ ઓફ મ્યુઝિક સાથે રાસ-ગરબાનું રાત્રે ૮.૩૦ થી ૧૧.૩૦ દરમિયાન આયોજન કરવામાં આવ્યું છે. ૧૧.૩૦ થી ૧૧.૪૫ દરમિયાન મટકીફોડનો કાર્યક્રમ જલારામ મંદિર, સેકટર-૨૯, ગાંધીનગર ખાતે કરવામાં આવશે. આ કાર્યક્રમને ઉજવવા માટે લોહાણા સમાજના તથા નગરના ભાવિક ભકતોને સપરિવાર ઉપસ્થિત રહેવા સંસ્થાએ ખાસ નિમંત્રણ પાઠવ્યું છે.

# ઈન્દ્રોડા ગામે મહિલાને કરંટ લાગ્યો

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર નજીક આવેલ ઈન્દ્રોડા ગામમાં આજે બપોરના સુમારે એક મહિલાના કરંટ લાગતા ૧૦૮ મારફતે ગાંધીનગર સિવિલ ખાતે ખસેડવામાં આવ્યા હતા.

# વૈષ્ણવ સમાજ દ્વારા ૧૦મીએ ચિત્ર સ્પર્ધાનું આયોજન

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર વૈષ્ણવ સમાજ અને આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ ગાંધીનગર દ્વારા આગામી ૧૦ ઓગષ્ટે સેક્ટર-૨૧ વલ્લભધામ હવેલી ખાતે ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે.

જન્માષ્ટમી પર્વના પાવન અવસરે ગાંધીનગર વૈષ્ણવ સમાજ દ્વારા આગામી તા. ૧૦ ઓગષ્ટ ૨૦૧૨ને શુક્રવારના રોજ શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી, વલ્લભધામ સેક્ટર-૨૧ ગાંધીનગર ખાતે સવારે ૧૦ કલાકે બાળકો માટે ચિત્ર સ્પર્ધા યોજાશે તો આ સ્પર્ધામાં ઉત્સાહપૂર્વક ભાગ લેવા માટે સંસ્થાના પ્રમુખ ડી.એફ. શાહે જણાવ્યું છે.



# સુખનિવાસ કોલેજમાં વૃક્ષારોપણ કરાયું

સેકટર-૨૯માં સુખનિવાસ કોલોનીમાં ૬૩મા વન મહોત્સવ પ્રસંગે બગીચામાં ૨૦૦ રોપાઓનું વૃક્ષા રોપણ કરવામાં આવ્યું હતું. જેમાં વૃક્ષા રોપણનું ઉદ્‌ઘાટન કુમારી સ્તુતિ પટેલ, કુમારી આસ્થા, કુમારી કાવ્યાના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું.

કોલોનીના ઉપ-પ્રમુખ તથા રેન્જ ફોરેસ્ટ ઓફિસર જે. કે. પટેલના માર્ગદર્શન હેઠળ કાર્યક્રમ ગોઠવાયો હતો. જે.ડી. પટેલ ચેરમેનની ઉપસ્થિતિમાં વૃક્ષો રોપણ થયેલ. સર્વશ્રી મહામંત્રી જી.પી. પટેલ, પી.એલ.સાધુ, યોગેન્દ્રભાઈ, ઉમેશભાઈ છાંટબાર, હેમંત પટેલ, કાંતભાઈ જોશી, જિતેન્દ્રસિંહ ડાભી, ડૉ. પ્રજાપતિ, કશ્યપભાઈ પટેલ ,આનંદ કણ સાગર, ભરતભાઈ પટેલ, અમૂલ્ય ફાળો આપીને પ્રસંગને દીપાવ્યો હતો.

બગીચાની તૂટટેલી ફેન્સીંગ કોલોનીએ પોતાના ફંડ ઉઘરાવીને સમગ્ર બગીચાની ફેન્સીંગ કરેલ છે. તેમ જે.કે. પટેલે જણાવ્યું હતું. પ્રદિપસિંહ વાઘેલા, જી.પી. પટેલે કાર્યક્રમને સફળ બનાવવા પ્રયત્નો કરેલ હતા.

# દશનામ ગોસ્વામી સમાજે ૧૫૦ વડીલોને સોમનાથના દર્શન કરાવ્યા

દશનામ ગોસ્વામી સમાજ ગાંધીનગરના પ્રમુખ સંજયગીરી કેશવગીરી ગોસ્વામીએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, તાજેતરમાં જ ૫૦ વર્ષથી ઉપરના ૧૫૦ જેટલા વડીલોને ગાંધીનગર દશનામ ગોસ્વામી સમાજ દ્વારા સોમનાથ ભગવાનના મંદિરના દર્શન કરાવવામાં આવ્યા હતા. વડીલોએ દર્શન કરી ૫૬ ગજની ધજા ચઢાવીને ગુજરાતમાં ચોમાસુ સારૂ રહે તેવી પ્રાર્થના કરી હતી.

# ...અંતે ૬ કલાક બાદ ખોવાયેલ મોબાઈલ મળી ગયો

ગાંધીનગર, તા. ૮

આજનાં આધુનિક યુગમાં મોબાઈલ એક જીવન જરૂરિયાતનું ઉપકરણ બની રહ્યું છે. આ મોબાઈલ જયારે ખોવાઈ જાય ત્યારે ઘણી મુશ્કેલી પડતી હોવાનો અનુભવ થાય છે. અને ખોવાઈ ગયેલ મોબાઈલ પરત મળે ત્યારે હાશકારો થાય છે.


વિગત એવી છે કે રવિવારે રાત્રીનાં લગભગ ૧૦ : ૩૦ કલાકે નગરનાં યુવા કશ્યલ નિમાવતને વિટકોસ બસ સ્ટોપની બાજુની ફૂટપાથ પાસે ‘સૅમસંગ’નો એક મોબાઈલ બંધ હાલતમાં મળી આવ્યો હતો.

મોબાઈલ ચાલુ કરતાં રાત્રીનાં ૧૧ કલાકે સે-૨ડી માં રહેતા અને રસોઈનું કામ કરતાં એક બેન રમીલાબેન (નામ બદલ્યું છે) નો ફોન આવ્યો અને તેજ દિવસે સાંજે ૫ કલાકે મોબાઈલ ફોન ખોવાઈ ગયો હતો. ત્યારબાદ સંપર્ક ન થયો હતો. છેવટે પોતાનો મોબાઈલ ૬ કલાક બાદ પરત મળતાં રમીલાબેને હાશકારો અનુભવ્યો હતો અને કશ્યપભાઈનો આભાર માન્યો હતો.

# જન્માષ્ટમી નિમિત્તે ધર્મ સંમેલન શોભાયાત્રાનું આયોજન

ગાંધીનગર, તા. ૮

ભારત સેવાશ્રમ સંઘ તથા વિશ્વ હિન્દુ પરિષદના સંયુકત ઉપક્રમે શ્રીકૃષ્ણ જન્માષ્ટમી તા.૧૦ ઓગસ્ટ ધર્મ સંમેલન તથા શોભાયત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. ભારત સેવાશ્રમ સંઘ આશ્રમ ખાતેથી પૂ.સ્વામી ગણેશાનંદજી મહારાજ ધજા ફરકાવી શોભાયાત્રાનું પ્રસ્થાન કરાવશે.



ધર્મ સંમેલનમાં સ્વામી અંબરીષાનંદજી અધ્યક્ષ સ્થાને હાજર રહેશે. મુખ્ય મહેમાન તરીકે હાઈકોર્ટ એડવોકેટ એસોસીએશનના પ્રમુખ વિજયભાઈ પટેલ હાજર રહેશે. અતિથિ વિશેષ પદે અશ્વિન પટેલ ઉપસ્થિત રહેશે. હિન્દુધર્મ દર્શન, પરંપરાગત ભારતીય સંસ્કૃતિ જેવા વિષયોને અનુલક્ષીને તલસ્પર્શી વિચાર વિમર્શ થશે. ગીતાનો કર્મબોધ આપતા પૂર્ણ પુરૂષોત્તમ ભગવાનની મૂર્તિ હશે.

શોભાયાત્રામાં ટ્રકો બેન્ડના ડંકા સાથે શોભાયાત્રા સંકુલમાંથી પ્રસ્થાન કરશે. વિશ્વ હિન્દુ પરિષદના કાર્યાલયમાં પહોંચશે.

શોભાયાત્રા ભારત સેવાસંઘથી સ્વસ્તિક ચાર રસ્તા, ગિરીશ કોલ્ડીંક્સ, સી.જી.રોડ પંચવટી આંબાવાડી અંડબ્રીજ થઈ. કાર્યાલયમાં પરત આવશે. ૩૧ વર્ષથી શોભાયાત્રાનું જન્માષ્ટમી પ્રસંગે આયોજન થાય છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૧૪
સૂર્યાસ્ત : ૭.૧૮

## તાપમાન

મહત્તમ : ૩૦.૮ ડિ.સે.
લઘુત્તમ : ૨૫.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૮૮ ટકા ● સાંજે ૭૨ ટકા

## મનોરંજન

### સિટી પલ્સ

: સ્ક્રીન-૧ :
જીસ્મ-૨ : ૧૨.૦૦, ૨.૩૦, ૫.૧૫, ૭.૪૫, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
જીસ્મ-૨ : ૧૦.૦૦
ગેંગ ઓફ વાસેપુર -૨ : ૧.૦૦, ૪.૦૦, ૬.૪૫, ૧૦.૦૦
: સ્ક્રીન-૩ :
કયા સુપર કુલ હે હમ : ૧૨.૩૦, ૫.૪૫, ૧૦.૩૦
બોલ બચ્ચન : ૩.૦૦
ટોટલ રીકલ (હિન્દી) : ૮.૧૫
: સ્ક્રીન-૪ :
ગેંગ ઓફ વાસેપુર- ૨ : ૧૦.૦૦
યે મોહબ્બત હૈ : ૧.૦૦
જીસ્મ -૨ : ૪.૦૦
કૉકટેલ : ૭.૦૦
બોલ બચ્ચન : ૧૦.૦૦

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
ટોટલ રીકલ(હિન્દી) : ૯.૦૦, ૧.૩૦, ૬.૩૦, ૧૦.૪૫
આઈસ એઝ ૪:કોન્ટીનેન્ટલ ડ્રિફ્ટ (૩ડી) હિન્દી): ૧૧.૩૦, ૮.૪૫,
કિષ્ના ઔર કંસ ૩ડી : ૩.૪૫
: સ્ક્રીન-૨ :
જીસ્મ-૨ : ૧૦.૪૫
કયા સુપર કુલ હૈ હમ : ૧.૩૦, ૭.૩૦, ૧૦.૧૫
ધ ડાર્ક કેનાઈટ રાઈસીસ (હિન્દી) : ૪.૧૫
: સ્ક્રીન-૩ :
જીસ્મ-૨ : ૯.૦૦, ૨.૧૫, ૭.૪૫, ૧૦.૩૦
કયા સુપર કુલ હૈ હમ : ૧૧.૩૦, ૫.૦૦
: સ્ક્રીન-૪ :
કયા સુપર કુલ હૈ હમ : ૧૦.૦૦,
જીસ્મ-૨ : ૧૨.૪૫, ૩.૪૫, ૬.૩૦, ૯.૧૫

### સૂર્યા, વાવોલ

જીસ્મ-૨ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
દેશ પરદેશ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### ટાઉન હોલ

- ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા રાત્રે ૯.૩૦ કલાકે, નાટક ‘ડીયર ફાધર’

### ધાર્મિક

- શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ સેકટર-૨૩, ગાંધીનગર દ્વારા મયંકભાઈ ભટ્ટ, સેકટર-૨૮, ખાતે શિવ મહિમ્ન સ્તોત્રમ્ પાઠ અને સ્તૃતિ વંદના રાત્રે ૯.૦૦ કલાકે યોજાશે.
- શ્રી રામજી, મંદિર શ્રીરામ ધામ વાવોલ ખાતે શ્રાવણ માસ નિમિતે સવારે ગણેશ - કાર્તિક પ્રાગટ્ય કથા.

## આપની આજ

**મેષ** : આપની સંતોષ અને પ્રસન્નતા બની રહેશે. સંતાનની પ્રગતિકારક સમાચાર પ્રાપ્ત થઈ શકશે. પૂર્વ કર્મનું સફળ થશે. કુટુંબમાં ઉન્નતિ થશે.

**વૃષભ** : આપની આર્થિક સ્થિતિ સદ્ધર બનતી જણાય. સામાજિક અને રાજકીયક્ષેત્રમાં યશ, પ્રતિષ્ઠા, સન્માનમાં વધારો થઈ શકશે. ધર્મ આધ્યાત્મ તરફ ઝોકની વૃત્તિને કારણે માનસિક શાંતિ બની રહેશે. વધુ ખર્ચ ન થાય તેની તકેદારી રાખવી.

**મિથુન** : કૌટુંબિક સભ્યો સાથે તનાવ ભર્યો માહોલ ઉભો ન થાય તેની તકેદારી રાખવી. આપના પ્રબળ આત્મવિશ્વાસ અને દૃઢ નિશ્ચયથી મુશ્કેલ કાર્યોનો પણ ઉકેલ આવી શકે છે. જીવનસાથી સાથે સુખ-શાંતિ જળવાઈ રહેશે.

**કર્ક** : નવા સંબંધો રચાશે. સત્સંગમાં ભાગ લેવાનું થઈ શકે છે. ઘરમાં મહેમાન આવવાની સંભાવનાઓ છે. વ્યાપાર-વ્યવસાય મધ્યમ રહેશે.

**સિંહ** : આપની જનકલ્યાણની ભાવનાને કારણે પ્રતિષ્ઠામાં વધારો થઈ શકશે. અધિકારી વર્ગને પ્રચાર કાર્યોથી લાભ થવાની શક્યતાઓ છે.

**કન્યા** : આપના કાર્યમાં કરેલા કામની સફળતામાં સંદેહ રહેશે. અંધશ્રદ્ધાઓથી દૂર રહીને, સાહસ અને પરાક્રમમાં વૃદ્ધિ કરીને પ્રાપ્ત તકોનો લાભ લેવો.

**તુલા** : કાર્ય અને સ્થાન પરિવર્તનથી અસ્થિરતા આવી શકે છે. તમારી ઈચ્છાઓ અને મહત્વકાંક્ષાઓ પૂરી થઈ શકશે. નાણાં રોકાણથી લાભ થવાની સંભાવના છે.

**વૃશ્ચિક** : કર્મક્ષેત્ર સંબંધી સમસ્યાઓના નિરાકરણ હેતુ યાત્રા અને ભાગદોડ વધુ થશે. વિવાદિત કાર્યોમાં સંયમ રાખવો. આરોગ્ય પ્રતિ સતર્ક રહેવું. પોતાની કોઈ ભૂલથી વિરોધીઓ હાવી ન થાય તેની કાળજી રાખવી.

**ધન** : ધર્મ આધ્યાત્મિક વ્યક્તિત્વવાળા લોકો માટે સન્માન, લોકપ્રિયતામાં વૃદ્ધિના કાર્યો થઈ શકશે. વડીલો, ગુરુઓની કૃપા પ્રાપ્ત થશે.

**મકર** : વહીવટના ક્ષેત્રોમાં ઉચ્ચસ્તરીય, કુટુંબમાં માંગલિક કાર્યોનું આયોજન થઈ શકે છે. ધર્મ, આધ્યાત્મ, જ્ઞાન વૃદ્ધિના કાર્યોમાં સમય પસાર થશે.

**કુંભ** : ધૈર્ય અને સંયમ રાખવો જરૂરી છે. યોજનાનુસાર કાર્ય કરવાથી લાભ પ્રાપ્તિ થઈ શકશે. વ્યક્તિગત સમસ્યાઓ રહી શકે છે. વેપાર- વ્યવસાયમાં પ્રગતિકારક સમય બની રહેશે.

**મીન** : આપની દૂરદર્શિતા તેમજ બુદ્ધિચાતુર્યથી મુશ્કેલીઓ દૂર થઈ શકે છે. વ્યાપાર -વ્યવસાયમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. ઈશ્વરમાં આસ્થા વધશે.

## ચિરવિદાય

- સ્વ. સકરાભાઈ રેવાભાઈ પ્રજાપતિ (ઉ.વ. ૭૦ ) મુ.પે. મોટી શિહોલી, તા., જિ. ગાંધીનગર.

# જાત માટે જીવવાનો આનંદ જો અનેરો હોય છે તો પારકાં સાથે જીવવાનો આનંદ અદકેરો હોય છે

## ગાંધીનગર શહેરમાં કાર્યરત સેવાભાવી નાગરિકો અને સેવા સંસ્થાઓની પ્રવૃત્તિઓએ નગરના પ્રતિભાશાળી યુવાન જિજ્ઞેશ રાવલના મનમાં સેવાયજ્ઞની જ્યોત જગાવી !

ગત રક્ષાબંધનના દિવસે શહેરના સૅક્ટર-૬માં એક નવી તાલીમ શાળાનો આરંભ થયો : નામ - સંવેદન.

‘સંવેદન’ માનસિક વિશિષ્ટ બાળકોની તાલીમ માટે સ્થાપવામાં આવેલી તાલીમ શાળા છે, જ્યાં બાળકોના વાલીઓ માટે માર્ગદર્શન, કાઉન્સેલીંગ અને બાળકો માટે વૉકેશનલ ટ્રેનીંગની સુવિધા ઊભી કરવામાં આવી છે.


સમાચારની દ્રષ્ટિએ વાત નાની છે, પણ સમાજ માટે બહુ મોટી અને એથીય વધુ મોટી છે આ વાત પાછળની કહાણી. એટલે કે સંવેદનની સ્થાપના પાછળની આખીય હકીકત. એ હકીકત ગાંધીનગર શહેર અને શહેરના નાગરિકો માટે ગર્વ લેવા જેવી છે.

વાત જાણે એમ છે કે સંવેદનની સ્થાપના કરી છે ગાંધીનગરના જ રહેવાસી જિજ્ઞેશ વસંતભાઈ રાવલ નામના યુવાને. ‘સંબંધ સજાવે જિંદગી’ના નિયમિત વાચકો આ નામથી અજાણ નથી. ગાંધીનગરમાં માનસિક વિશિષ્ટ બાળકોના વાલીઓની નિયમિત બેઠકો શરૂ કરવાનું, આવા વાલીઓનું સંગઠન ઊભું કરવાનું ને અલબત્ત, માનસિક-શારીરિક વિશિષ્ટ વ્યક્તિઓ માટે ગાંધીનગરમાં છેલ્લાં આઠ વર્ષથી નિયમિતપણે ‘બાળુડાના ગરબા’ નામે ગરબા મહોત્સવ યોજવાનું શ્રેય એમના નામે છે.

‘બાળુડાના ગરબા’ અને માનસિક વિશિષ્ટ બાળકોના વાલીઓના સંગઠન ‘સાધના’ અંગેની વિગતો અગાઉ આ કૉલમમાં પ્રકાશિત થઈ ચૂકી છે.

અહીં વાત ‘સંવેદન’ની. ‘સંવેદન’ની શરૂઆત પાછળની પોતાની જે ભાવના જિજ્ઞેશ રાવલે પ્રગટ કરી છે એ માટે ગાંધીનગરને સલામ કરવી પડે. કારણ કે જિજ્ઞેશ રાવલે આ શરૂઆતમાં ગાંધીનગર શહેરમાં કાર્યરત સેવા સંસ્થાઓ, સેવાભાવી નાગરિકોના અભિપ્રેરણને આભારસહ સ્વીકાર્યું છે.

જી ઈ કલબ, ગ્રો, જુનિયર સિટીઝન્સ કાઉન્સીલ, રેડક્રોસ ને એવી ઘણી સંસ્થાઓમાં જિજ્ઞેશ સક્રિય કાર્યકર. સેવાભાવી પિતાનો વારસો રગોમાં લોહી બનીને દોડે એટલે પહેલેથી જ સેવાકાર્યોમાં રસ. નામ વિનાની ઘણી સંસ્થાઓમાંય એમણે સેવાભાવથી રસ લીધો, કામ કર્યું ને હજુ કરી રહ્યા છે. આ સામાજિક પ્રવૃત્તિઓમાં ગરીબ બાળકોને અભ્યાસ સહાયથી માંડીને બિનવારસી લાશોના અંતિમ સંસ્કાર સુધીની અનેક સેવાઓનો



સંબંધ સજાવે જિંદગી
**થેંક્યૂ ગાંધીનગર**
- કુંતલ નિમાવત
gsrelation@yahoo.com

સમાવેશ. ભૂકંપ રાહત માટે ભૂજમાં પ્રવૃત્તિ હોય કે આતંકવાદી હૂમલા પછી ગાંધીનગરમાં સેવાયજ્ઞ હોય - જિજ્ઞેશ એમાં ભાગીદાર હોય જ.

સરવાળે, અનેક પ્રકારની સામાજિક, સેવાકીય સંસ્થાઓમાં કામ કર્યું ને અનુભવ લીધો. પોતાને ગમે એ પ્રવૃત્તિમાં કોઈનીય સલાહ વિના જોડાઈ જ જાય. પણ તોય મનમાં એમ જ થાય કે અમુક સંસ્થા જેવી કામગીરી કરે છે એવી આપણે નથી કરી શકતા, તમુક વ્યક્તિ જે કામગીરી કરે છે એનાથી તો અડધીય આપણે નથી કરી શકતા. સરવાળે, જિજ્ઞેશના મનમાં ગાંધીનગરની સેવા પ્રવૃત્તિઓ પ્રત્યે જે આદર છે એમાંથી જ ‘સંવેદન’નું પ્રાગટ્ય થયું છે. એના જ શબ્દો જાણીએ તો -

‘મને હંમેશા એમ થયા કરે કે ખોબા જેવડા ગાંધીનગરમાં સાગર જેવડી સેવાપ્રવૃત્તિઓ કેવી રીતે થતી હશે ! અલબત્ત, હવે તો હુંય એનો એક હિસ્સો છું એટલે મને ખબર છે કે આ નગરમાં એટલી સંવેદના ભરી છે કે સંસ્થાના બૅનર સાથે અથવા બૅનર વિનાય પ્રવૃત્તિ કરતા લોકોને આર્થિક કે સાધન સહાયનો ધોધ આપમેળે ચાલુ થઈ જાય છે. વળી, આ નગરમાં મેં એવાય નરબંકાઓ જોયા છે કે જેમણે કોઈનીય સહાયની આશા રાખ્યા વિના પોતાના જ બળે સેવાકાર્યોની શરૂઆત કરી છે અને હવે એ કાર્યો સેવાયજ્ઞો બની ચૂક્યાં છે. એવું તો શું કારણ છે કે માણસ પોતાની જાતને, પોતાના પરિવારને ને પોતાના કામને પણ ભૂલીને સમાજની સેવામાં સમર્પિત થઈ જાય છે ? એ સવાલે મને હંમેશા આવાં કાર્યો કરતા વ્યક્તિઓ અને સમાજસેવી સંસ્થાઓ પ્રત્યે આકર્ષિત કર્યો, હજુય મને આ પ્રવૃત્તિઓનું એવું જ આકર્ષણ છે. હું આવી વ્યક્તિઓને મળ્યો, એમની પ્રવૃત્તિઓ જોઈ, એમાં ભાગીદારી કરી અને ત્યારે મને સમજાયું કે જાત માટે જીવવાનો આનંદ જો અનેરો હોય છે તો પારકાં સાથે જીવવાનો આનંદ અદકેરો હોય છે ! આપણા નાના સરખા પ્રયાસથી કોઈ જરૂરિયાતમંદના ચહેરા પર સ્મિત રેલાય કે એના વદન પર એક રાહતની લકીર ઊગી નીકળે એનાથી મોટું સુખ દુનિયામાં બીજું કોઈ નથી એવું મેં અનુભવ્યું. નગરમાં વર્ષોથી સેવાભાવના કરતા સેવાભાવીઓએ પણ આ સુખ અનુભવ્યું હશે અને એ સુખના પ્રતાપે જ તેઓ વર્ષો સુધી પોતાની સેવાપ્રવૃત્તિને અકબંધ રાખી શક્યા છે એવું મારું દ્રઢતાપૂર્વક માનવું છે. સારું કરો તો સારું થાય. આ જ સેવાપ્રવૃત્તિઓએ, આ જ સેવાભાવી વ્યક્તિઓએ મારામાંય આ જ ટેવ સ્થાપિત કરી અને એમના પ્રતિ આભારની લાગણીરૂપે કંઈક નક્કર કરવું એવું મેં નક્કી કર્યું. બસ, એમાંથી ‘સંવેદન’નો જન્મ થયો.’ ખોબા જેવડા ગાંધીનગરની આ જ તો મોટી વાત છે ! સેવા ભાવના જોઈને કોઈને લાગણી જન્મે છે તો એ પણ સેવા ભાવનાની જ હોય છે !

સલામ ગાંધીનગર !